# અ નુ ક્ર મ ણિ કા


1. અંગ્રેજી નોવેલના તડકા હેઠળ ................1
2. અમર વાતોડિયો નથી..........................5
3. આક્વા વિદા .....................................9
4. ઇબ્લીસ.........................................15
5. ઇશારો...........................................19
6. ઉસને ઐસા ક્યોં કહા?......................23
7. ઊંધાં અલ્પવિરામ .............................29
8. એક અસત્ય-ઘટનાને આધારે ...............33
9. ઓલોફે સડન .................................40
10. કરોળિયા અને કાનખજૂરા ...................45
11. કલ્પકાહિની.....................................50
12. કાચની સામે કાચ ...........................55
13. કારણ કે... ...................................58
14. કિશિંગ ........................................62
15. કુમુદ, તારું નામ આજે સલોની છે.........67
16. ખો .............................................72
17. ગિલહરી........................................75
18. ચ્યુમ્બન .......................................81
19. છોકરો છોકરીને મળે છે .....................84
20. જનેરિક ........................................88
21. જમાનો .........................................94
22. જેવું કાંઈક ....................................98
23. ‘ટુ અપ’ અથવા ‘વન ડાઉન’..............101
24. ડમરું .........................................106
25. ડેડ બોડી.....................................114
26. તીડ ...........................................120
27. દૂરબીન.......................................123
28. ધજા...........................................130
29. નવા સમથિંગ ................................132
30. નિશ્ચય .......................................136
31. પડછાયા.....................................139
32. પારિજાતક ..................................145
33. પુનશ્ચ .......................................154
34. પેસમેકર.....................................158
35. બસ ...........................................162
36. બાંશી નામની એક છોકરી ................164
37. બોલચાલ.....................................174
38. મચ્છરની પાંખોનો અવાજ .................177
39. માલાબાર પેલેસ ...........................181
40. મોજું .........................................188
41. મોહના વઝીરાણી ..........................194
42. રાજધાની એક્સપ્રેસ .......................198
43. રિયાલિટી શો ...............................204
44. રૂપકથા ......................................209
45. લીલા તારા...................................211
46. વચ્ચે શીર્ષકવાળી વાર્તા.....................216
47. વત્તાનિશાની ................................222
48. વશ્તુ સું છે ને કે ...........................228
49. વૃશ્ચિક........................................232
50. શાત શમુદુર તેરો નોદી....................236
51. શોભન કાદર મેપાણી.......................243
52. સમસ્યા.......................................248
53. સલોની .......................................253
54. સ્ટોરી ગોડેસ................................256
55. સ્વરલિપિ કાચ..............................261
56. હથેળીઓ વચ્ચે રૂંધાતી હવા .............267
57. હરિભાઈનું હાર્ટ............................272
58. હાર્મોનિકા....................................277
59. હિન્દ સિનેમા................................281
60. હું નહિ, તમે નહિ...........................287
61. હૃદયના તર્ક તે કૈં............................291
62. હાઇડ્રોપ્લેન .................................300

# અંગ્રેજી નોવેલના તડકા હેઠળ

## રજાઈથી ઢાંકેલો અંધકાર

અંગ્રેજી નોવેલમાંથી ઊતરી આવેલા સવારના તડકાનો એક ત્રિકોણ વાર્નિશ્ડ કમાડો ઉપર ચમકતો હતો. એણે આંખો ખોલી એ તરફ એકીટશે જોયા કર્યું, જ્યારે એની ઇચ્છા કુમુદને જોવાની હતી. કુમુદે આંખો ખોલી નહોતી. આવા પ્રસંગે તડકો જોઈને એ અંગ્રેજી નોવેલ યાદ આવે તે કેટલી હદે ઉચિત છે એ વિશે મનમાં ને મનમાં દલીલો શરૂ કરી. મૂળ લેખકને ગમે તે અભિપ્રેત હોય, પણ વ્યક્તિગત રીતે એ નવલકથાનો વર્જ્ય પ્રણય, પોતાની વિધિસર વિવાહિતા પત્ની સાથે સૂતાં સૂતાં યાદ આવે તે ન ગમ્યું. 'ગમ્યું'ની જગ્યાએ કોઈ બીજો શબ્દ મળત તો ગમત. પણ એ ન મળ્યો. આ દલીલ પછી એણે કાલ્પનિક ડાયરીમાં નોંધી લીધું, આજે બરોબર વિચારાતું નથી...

એને જાણીને હર્ષ થયો કે આજે પોતે બીજા દિવસોના સ્ટાન્ડર્ડના હિસાબે દસ ડિગ્રી વધુ પ્રફુલ્લ છે. એકાએક એના મગજમાં ક્યાંક એક બટન દબાઈ ગયું અને એક તૈયાર વાક્ય એક પલકમાં કાલ્પનિક ડાયરીમાં ઊઠી આવ્યું 'સુખ હોય ત્યારે વિચારવાની ક્રિયામાં ઘણાં વ્યવધાન આવે છે, દુઃખ વખતે વિચારની પ્રક્રિયા સાફ હોય છે.' આ વાક્યના શબ્દોનું સ્ટાન્ડર્ડ એના વિચારોની શબ્દાવલિના સ્ટાન્ડર્ડ કરતાં ઊંચું હતું. એને અજાયબી થઈ કે એને આવા શબ્દો આવડે છે, એટલે કે આવા શબ્દોનો ઉપયોગ આવડે છે, પોતે આટલો ખુશ છે એ જોતાં 'સાફ વિચારવા'વાળા પોતાના મનને એણે વિદાય આપી દીધી, તે જતાં જતાં પણ એક નોંધ કરતું ગયું - 'વિચારવું–' પણ આગળ વિચારવું એણે બંધ કરી દીધું. ડી. એચ. લોરેન્સની નવલકથા...

એને લાગ્યું – એક સાથે બે વસ્તુઓ એને લાગી – એક, પોતાની ખુશીને એ નિઃસ્પૃહતાથી માત્ર અવલોકે છે, એમ કરવામાં એને બૌદ્ધિક આનંદ મળે છે... બે, આજની અત્યારની ખુશી માટે જાણે કુમુદનો આભારી હોય એમ કૃતજ્ઞતા અનુભવે છે. એને ઊભા થઈ બારી પાસે જવાનું મન થયું. બારી પાસે જઈ એનો પડદો ખોલવાનું મન થયું. એટલે કે અંગ્રેજી નોવેલનો એ પ્રસંગ પોતે અને કુમુદ અભિનીત કરે... ઠક્ ઠક્ ઠક્... સ્પેલિંગ મિસ્ટેક નીચે તત્પરતાથી લાલ લીટી કરનાર 'મિસ'ની જેમ પેલું વિચારનારું મન દોડી આવ્યું – ફરી પેલા વર્જ્ય પ્રણયને યાદ કર્યો? કેમ, શા માટે? એને બત્રીસ પાનાંની એક એક્સરસાઇઝ બુક લઈ કુમુદના નામે એક પ્રેમપત્ર લખવાની ઇચ્છા થઈ. બાયરન વગેરેનાં ક્વોટેશનોથી ભરપૂર, ગુજરાતીમાં ગોલ્ડમેડાલિસ્ટ મેટ્રિકના છાત્રના

અસલી પ્રેમપત્ર જેવો એક પત્ર લખી કુમુદના હાથમાં સરકાવી દે કે એની ચોપડીમાં સંતાડી દે, કે એક હિન્દી ગાયન ગાય, કે પછી કુમુદના નામનું છૂંદણું છાતી ઉપર ત્રોફાવી લે.

'મને ગર્વ છે...' એને લાગ્યું કે એને ગર્વ છે. કોઈ વાત કે વ્યક્તિ કે એવા કંઈ ઉપર એને ખાતરી થઈ ગઈ. કારણ કે 'મને ગર્વ છે...' કહેતાં લોકોને જેવી લાગણી થાય છે એવી લાગણી એને પણ થતી હતી, અર્થાત્ એને ગર્વ છે, પછી આગળ શું એ ગૌણ વાત છે.

હંમેશાં આવું જ થતું. પોતાના તરફ, કુમુદ તરફ, જીવન તરફ, વિશ્વબ્રહ્માંડ તરફ ઘૃણાનો ઘડો એના મનમાં ટીપે ટીપે ભરાતો. પછી એકદમ ભરાઈ જતાં એકાએક 'ગર્વ' થઈ આવતો. અને બધી વાત, બધાં જણ, બધી વસ્તુ એને પસંદ લાગતાં; 'ગર્વ છે' એટલે કે દુનિયા આખી ઉપર ગર્વ છે.

સંગીત, ચિત્રકળા, વિજ્ઞાન... એ બધું જ જીવનમાંથી એક લય, એક પેટર્ન શોધવાનો પરિશ્રમ છે. જીવનમાં એવો કોઈ લય છે કે, આપણે સગવડ ખાતર એનું આરોપણ કરીએ છીએ એ કહી શકાય નહીં; વિચારવું પણ એવી જ ક્રિયા છે. જીવનની વિસંવાદિતાને પેટર્નમાં ઢાળી જોવાનો પરિશ્રમ જ છે.' વિચારનાર ભલે ચાલ્યું ગયું હતું, પણ દૂરદૂરથી પણ આવાં સિગ્નલ મોકલ્યા કરતું હતું. વિચારનાર કદાચ એને ઘૃણા-ગર્વની વાતના સંદર્ભમાં કહેતું હતું, પણ સાચે જ એણે પોતાની મનઃસ્થિતિનાં સુખ અને ગ્રાફને અભ્યાસપૂર્વક જોયાં હતાં. દુઃખ, બે દુઃખ, અનંત દુઃખ અને અનંત સુખ, અનંતથી ઓછું સુખ, વળી ઓછું સુખ અને સુખ ઓછું ને ઓછું થતું થતું દુઃખની રેખા સાથે જઈ મળતું, અને વળી પાછું એક દુઃખ... સુખના દિવસોમાં વાતે વાતે કોચવાતા પોતાના દુખી સ્વરૂપ ઉપર નવાઈ લાગતી, ચીઢ ચઢતી, હસવું આવતું. દુઃખના દિવસોમાં માલ વગરની બાબતોમાં રાજી થતા રહેતા પોતાના સ્વરૂપ ઉપર ધિક્કાર છૂટતો, સુખ કે હર્ષ જાણે છોકરમત જેવી નાબાલિગ ચીજ લાગવા લાગતી.

કુમુદ વિચારતી નહિ. કુમુદ ક્યારેય રોતી પણ નહીં. એના મોં ઉપર કોઈ દુઃખની કરચલી દેખાતી નહીં. કુમુદ રિસાતી તો એને હસવું આવતું. શિષ્ટતાની રૂએ એ ગંભીર તો થઈ જતો, પણ દિલમાં આનંદનાં ઝરણાં ફૂટતાં. અને એટલે જ એ વધુ રિસાતી હોય છે. મારા આહ્લાદ માટે, મને ખુશ કરવાના હેતુથી ઘણી વાર કુમુદ રિસાતી હોય છે. કોને ખબર કદાચ એને પણ મજા આવતી હોય. એને થયુંઃ કુમુદને રિસાવામાં એક જાતનો આનંદ થાય છે. કદાચ ખુદ રિસાવામાં જ એ આનંદ હોય, કે પછી એના રિસાવાથી મને આનંદ થાય છે એને લીધે હોય. ગમે તે હોય, પણ મને સહેજ રમૂજ થાય છે, કે જરાક પણ મારું મનોરંજન થતું હોય તો કુમુદ ગમે તે કરી છૂટવા તૈયાર હોય – રિસાવાથી માંડી ટુચકો સંભળાવવા સુધીનું બધું કરી શકે... અભિનય પણ કરી શકે.

એ જાણવા માગતો જ નહોતો આમ શાથી થાય છે. એ ખુશ હતો કે ચોવીસ કલાક પહેલાં જે કુમુદ માટે કુશંકાઓથી એનું મન આતંકિત હતું. એ કુમુદ સાથે પગની આંટી મારી સવારનો તડકો એડ્‌વાયર કરતાં કરતાં એ આખી દુનિયા ઉપર ગર્વ કરતો હતો. કુમુદ વિશે બહુ જ સારી સારી વાતો વિચારાતી હતી.